

# મારી વહાલી પત્નીને

- દિલીપ ભટ્ટ


RUDRA PUBLICATION

...publishing positivity...



25/B, Govt. Society, B/h, Municipal Market. Off. C.G. Road,
Navrangpura, Ahmedabad - 380 009.
Ph. : 079-26447393  Mobile : 098259 25947
email : rudrapublication1@gmail.com
www.rudrapublication.com
Buy online www.clickabooks.com

**For Home Delivery : Mobile : +91-99241 43847**
Mumbai : M : 98212 95281 • 98692 75439

# મારી વહાલી પત્નીને

દિલીપ ભટ્ટ

**Copyright @ Dr. Jeetendra Adhia**

All Rights reserved. No Part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise without the prior written permission of the copyright owner

5th Edition - 1 March, 2011

**Rs. 60/-**

: Design & Layout :
**Manu Patel**
9898390057

: Printing :
**Rudra Publication**

**Adhia International**
Dr. Jitendra Adhia's Mind Training Institute
404, Sigma Legacy, I.I.M. ATIRA Road
Panja Pol Cross Road, Ahmedabad
Email : info@adhiamindpower.com
www.adhiamindpower.com
www.mindtraininginstitute.net



# સહ પ્રેમ

આ પુસ્તક મારી વહાલી જીવનસંગિની

........................................ ને ખૂબ જ હર્ષ

અને સ્નેહપૂર્વક અર્પતા ધન્યતાની લાગણી અનુભવું છું.
આ પુસ્તકના શબ્દોમાં જાણે કે
મારા જ હૃદયની વાત વ્યક્ત થઈ છે.
મારા પ્રેમને જ અહીં વાચા મળી છે.
આ પુસ્તકને પણ તું તારા અંતઃકરણમાં સ્થાન આપજે.

હંમેશા તારો જ

..............................................

તારીખ : ..................................

સ્થળ : ....................................

# ભારતીય દાંપત્ય સંસ્કાર....

કૈલાસ પર્વત પર શિવ અને પાર્વતી બિરાજે છે એવી ભારતીય ઋષિઓની અવધારણા તથા સાક્ષાત્કાર છે. શિવ-પાર્વતીને સંસારનું શ્રેષ્ઠ દંપની માનવામાં આવે છે, આપણા ભારતીય ગૃહસ્થજીવનનો એ આદર્શ છે.

પત્નીની હયાતીમાંજ સ્વમુખે બે સારા શબ્દોનો ઉચ્ચાર કરવાનું ઘણીવાર પતિદેવો વીસરી જાય છે. આપણે આખી દુનિયાનો થેંક યૂ થેંક યૂના પુનરોચ્ચારથી આભાર માનતા રહીશું પણ ઘરના આંગણામાં અનેકાનેક સુખને અવતારનાર અને કશોય દાવો કર્યા વિના કુટુંબની સેવા કરનાર આજીવન પ્રેરણામૂર્તિ એવી ગૃહિણીને બે મીઠા શબ્દોથી ક્યારે થેંક યૂ કહી શકીશું ?

અહીં એવો આભારભાવ અલબત્ત નથી, પરંતુ હૃદયમાં વહેતા દાંપત્યજીવનના નિતાંત રમણીય પ્રેમીની છે. આ વર્ષામાં પોતાની જીવનસંગિનીને ભીંજવવાનું ને ભીંજાવાનું વાચકોને ગમશે. આ પુસ્તક જો ભારતીય દાંપત્યસંસ્કારનું આછું ય ચિત્ર આપી શકશે તો મારું લેખન સાર્થક ગણાશે.

મારા અંગત સ્નેહી અને ખાસ મિત્ર ડો. જિતેન્દ્ર અઢીયાના વારંવારના આગ્રહને કારણે જ આ પુસ્તક સમયસર વાચકોના કરકમળમાં પહોંચી શક્યું છે. એમની નિષ્ઠા, વચનબદ્ધતા અને નિખાલસતા મારા માટે હંમેશાં પ્રેરણારૂપ રહ્યાં છે.

છતાંય જે દંપતીઓ આ પુસ્તકમાંથી પોતાના હૃદયને પસાર કરે તેમના દાંપત્યમાં સદાય પારસ્પરિક સ્નેહની વર્ષા વરસતી રહો એવી પરમતત્ત્વને હું પ્રાર્થના કરું છું. મારાં ધર્મપત્ની ઉષાને અત્રે વિશેષ યાદ કરું છું, એના મારા પ્રત્યેના અગાધ સ્નેહ વિના આ પુસ્તક કેમ લખી શકાય ?

dilipbhatt2000@yahoo.com **- દિલીપ ભટ્ટ**

# શબ્દરથના સારથિ

શ્રી દિલીપ ભટ્ટ છેલ્લાં પચીસેક વર્ષથી અમદાવાદમાં પોતાની વિશિષ્ટ વાક્છટાથી જાણીતા છે. તેઓએ અત્યાર સુધીમાં અનેક જાહેર વ્યાખ્યાનો આપ્યાં છે. મજાની વાત એ છે કે તેઓ વર્ગશિક્ષણ એટલે કે Classroom Teachingના પ્રખર પુરસ્કર્તા છે. આપણી નવી પેઢીના નવોદિત શિક્ષણવિદ્ હોવા ઉપરાંત તેઓ ઘણા સારા ગદ્યકાર છે. તેમની વાણીમાં જે મોહિની છે તેનો આપણામાં ઘણાને અનુભવ છે. વ્યક્તિગત જીવનમાં તેઓ લેખક, પત્રકાર અને માધ્યમિક શિક્ષક તથા ઉચ્ચ શિક્ષણમાં ઇન્ટરનેટ જર્નાલિઝમના અધ્યાપક છે. તેઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હીના રિસર્ચ ફેલો છે.

'ગુજરાત સમાચાર' દૈનિકમાં 'કોફી હાઉસ' અને 'હૃદયકુંજ' જેવી લોકપ્રિય કોલમો તથા 'સંદેશ' દૈનિકમાં 'સુપ્રભાતમ્', 'સંસાર' અને 'પ્રતિબિંબ' જેવી વિખ્યાત કોલમો તેઓ લખી ચૂક્યા છે. એક વિરાટ વાચકવૃંદની ચાહના તેની તેમને મળી છે. ગુજરાતીમાં તેમણે 'અસામાન્યજ્ઞાન' નામે એન્સાઇક્લોપીડિક ગ્રંથ આપ્યો છે. ઉપરાંત મનોવિજ્ઞાનના ઊંડા અભ્યાસી હોવાને કારણે અર્ધજાગ્રત મનની શક્તિઓ પર આધારિત 'વામલોક' નવલકથા પણ પ્રગટ કરી છે. તેમનામાં વિશ્વની બે મહાભાષાઓ સંસ્કૃત અને અંગ્રેજીનો અદ્ભુત સમન્વય જોવા મળે છે. તેઓ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં સંસ્કૃતનું અધ્યાપન કરી ચૂક્યા છે.

પોતાના આજ સુધીના જીવનકાળ દરમિયાન અનેક સાધુસંતો, સાધકો, રહસ્યમય જ્ઞામાર્ગીઓ તથા જિવાતી જિંદગીના ઉચ્ચ સ્તરના ઉપાસકો તથા દેશવિદેશના મોટિવેટર્સ -ટ્રેઇનર્સના સીધા સંપર્કમાં રહ્યા છે. તેઓ પોતે પણ ખૂબ સારા ટ્રેઇનર છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના અમદાવાદ ખાતેના ઇન્ટરનેશનલ સેન્ટર સાથે પણ તેઓ સંકળાયેલા છે. ઇન્ટરનેટની ઘણી બધી વેબસાઈટો પર મનની અગાધ શક્તિઓ પરના તેમના મૌલિક, અનુભવપૂર્ણ તથા ચિંતનીય વિચારો પ્રગટ થયેલા છે. પૂર્વ અને પશ્ચિમના દેશોનાં પુસ્તકોનું તેમનું વ્યાપક વાચન પણ તેમની વાણીને દૈદીપ્યમાન બનાવે છે. સ્વભાવે, લાગણીશીલ, સ્વાભિમાની, આત્મવિશ્વાસુ અને સાત્ત્વિક હોવા ઉપરાંત તેઓ વિજ્ઞાન અને ટેક્નોલોજી પરના અનેક લેખો લખી ચૂક્યા છે.

**(વિશ્વભારતી વિદ્યાસંકુલ)** **- ડો. દુષ્યંત શુક્લ**

# અનુક્રમણિકા


ભારતીય દાંપત્ય સંસ્કાર.... ....................................૪
શબ્દરથના સારથિ ....................................૫
આપણું યુગલ ગીત ....................................૯
પ્રેમનું અધૂરું ગીત ....................................૧૦
જનમોજનમ ....................................૧૧
સુવર્ણમૃગ ....................................૧૨
તું અને મીરાં ....................................૧૩
આપણો તાજમહેલ ....................................૧૪
આપણે હંમેશાં સાથે જ છીએ ....................................૧૫
શૃંગાર ....................................૧૬
બાળકોને ચાહવા એ છે પરસ્પરની ચાહત ....................................૧૭
એસ.એમ.એસ. ....................................૧૮
ભરતીની લહેરો ....................................૧૯
સરપ્રાઈઝ ....................................૨૦
તું એક અથાક સહયાત્રી ....................................૨૧
પોત-પોતાનો વરસાદ ....................................૨૨
હૃદય વસે કેટલાક શબ્દો ....................................૨૩
તું જે ચાહે તે હું ચાહું હું ....................................૨૪
બે આત્માઓના પવિત્ર મિલનની ગાથા ....................................૨૫
સારસ અને સારસીની જોડ ....................................૨૬
પ્રેમ એટલે ....................................૨૭
તું અને રાધા ....................................૨૮
તારે માટે આ લાગણીઓ ....................................૨૯
એ ક્ષણમાં પણ સખત ચાહું છું ....................................૩૦
જે છે એનો આનંદ ....................................૩૧
નાના મીઠા મતભેદો ....................................૩૨

તારે કારણે મકાન, ઘર બને છે ........................................ ૩૩
લગ્ન અને પ્રેમ ........................................ ૩૪
બાળકોમાં વ્યસ્તતા, મારી ઉપેક્ષા ! ........................................ ૩૫
ના કહેતી સાયોનારા... ........................................ ૩૬
ગમો-અણગમો ........................................ ૩૭
આપણો માળો ........................................ ૩૮
હજુ ફરી વાર... ........................................ ૩૯
આપણું અજાયબ સહઅસ્તિત્વ ........................................ ૪૦
જિંદગી આગળ ધપશે ત્યારે... ........................................ ૪૧
જિંદગી - ખુલ્લી કિતાબ ........................................ ૪૨
પાછલાં વર્ષોમાં... ........................................ ૪૩
થોડી નિરાંતની શોધ ........................................ ૪૪
ટહુકો પાછલા પહોરનો... ........................................ ૪૫
કાંચનજંઘા ........................................ ૪૬
જરાક-જરાક... ........................................ ૪૭
ભાવ અને સ્વભાવ ........................................ ૪૮
તું સાવ પાસે હો તો પણ... ........................................ ૪૯
વડ અને વડવાઈ ........................................ ૫૦
તું રિસાઈ જાય ત્યારે ........................................ ૫૧
આમ કેમ ? ........................................ ૫૨
જીવન મલ્લિકા ........................................ ૫૩
અગ્નિજ્વાળા ........................................ ૫૪
તું અને કુદરત ........................................ ૫૫
તારો પડછાયો ........................................ ૫૬
ઇર્ષ્યા ........................................ ૫૭
આવતે ભવે ........................................ ૫૮
આવતા પ્રકાશનો અને ઉત્પાદનો ........................................ ૫૯
પ્રાપ્તિ સ્થાનો ........................................ ૬૦
હોમ ડિલીવરી ........................................ ૬૪



ટેકરીઓ પર ધુમ્મસ છવાયેલું છે
હાથમાં હાથ રાખીને
વૃક્ષઘટાઓ વચ્ચેથી
આપણે પસાર થઇ રહ્યા છીએ,
પંખીઓનો કલરવ ગુંજે છે
હવામાં ભીની લાગણી વહે છે,
એવા સમયે મેં તને કહેલી વાત
એટલે જ આ પુસ્તક...



# આપણું યુગલ ગીત

તારી નિર્દોષ અને નિર્મળ આંખમાં
પહેલી વાર મેં જ્યારે જોયું
ત્યારે એમાં એક કબૂતર છુપાઈને બેઠું હતું,
જાણે કે તારું ધબકતું હૃદય !
એ હૃદય મારાથી કદી પણ અલગ પડે નહીં
એવું જીવન એટલે સફળ દાંપત્ય !
આપણે જેનાથી ડરીએ છીએ,
તેઓને પાછળથી ધિક્કારીએ છીએ,
પારસ્પરિક પ્રેમમાં ભયને સ્થાન નથી.
જ્યાં ભય છે ત્યાં પ્રણય નથી,
જ્યાં ભય છે ત્યાં લય નથી.
આપણું ગીત તો યુગલ ગીત છે.
મારી વહાલી પત્ની,
સમયની વહેતી નદીમાં લહી રહી છે
આપણી નાજુક જીવનનૌકા
અને વહી રહ્યું છે મુગ્ધ પ્રણય ગીત.
આ ગીત અવિરત વહેતું રહો !



# પ્રેમનું અધૂરું ગીત

પાટણનાં પટોળામાં કે ન્યૂયોર્કના શોરૂમમાં ઝળહળતા ડાયમન્ડમાં
બર્થ ડેના ગ્રીટિંગ્સ કાર્ડમાં
કે બાલ્કનીમાં ગુપચુપ વાતો કરતી બે ખુરશીમાં,
ગોવાના સમુદ્રકિનારે ઊછળતા રંગમાં
કે જેસલમેરના વિશાળ મહેલના ઝરૂખામાં,
દક્ષિણના ગોપુરમ મંદિરોનાં નૃત્યવંત શિલ્પોમાં
કે આંગણાની આકર્ષક રંગોળીમાં પણ
આપણો પ્રેમ પૂરેપૂરો વ્યક્ત નહીં થઇ શકે વહાલી !
ઊંચી ભેખડો પરથી ધસમસતી નદીના અનરાધાર ધોધમાં
અને એમાં રચાતા મેઘધનુમાં પણ
વ્યક્ત થતાં થતાં અધૂરા રહી જાય છે આપણાં ગીતો.
ભાષાને બદલે મૌન જ વધુ કહે છે,
ટોળાના બદલે જે એકાંતમાં જ રહે છે
તારા તરફથી મારા તરફ
મારા તરફથી તારા તરફ જે સતત વહે છે
એ પ્રેમ કદાચ પૂર્ણ વ્યક્ત ન પણ થાય
તોય તારાં ને મારાં હૃદયમાં વસે છે
એ જ છે પૂર્ણતા, પરિપૂર્ણતા.



# જનમોજનમ

મારી વહાલી પત્ની,
કોઈ કાળે હું વનમાંથી લાકડાંનો ભારો લઇને
કાતિલ ઠંડીમાં ઘરે આવ્યો હોઈશ
ત્યારે તેં તાપણું કરીને મને મીઠો રોટલો આપ્યો હશે....
કોઈ જન્મમાં હું ચરાવતો હોઈશ
પહાડોની પાછળના મેદાનમાં
ગાયોના ધણને
અને તું સાંભળતી હોઈશ મારા બંસીના સૂરને....
ચાના બગીચામાં તું પાંદડાં
વીણતી હોઈશ અને
હું ટેકરીઓનો ઢાળ ઊતરતો હોઈશ...
કોઈ ગામના કૂવા કાંઠે
ચળકતી ઊજળી હેલને ઈંઢોણી પર મૂકી
તું ચાલતી હોઈશ
ને હું તરસ્યો અજાણ્યો મુસાફર બની
તારી સામે ઊભો હોઈશ.
પહેલી વાર આપણે મળ્યા છીએ
એમ તું માનતી નહીં,
ભવોભવથી આપણે તો
સતત મળતા રહ્યા છીએ.

